EPC ટર્નકી મોડ પર વાપકોસ લીમીટિડને સોંપવામાં આવેલ કામો મોડા શરૂ થવા/વિલંબ થવા બાબત..

# જાહેરનામા ક્રમાંક નં.૯૨૨/૨૦૨૩

આથી સર્વે સંબંધકર્તાઓને જણાવવામાં આવે છે કે, કુલસચિવશ્રીના પત્ર જા.નં.નકૃયુ/રજી/સં.મં.શાખાના/૫૦મી બેઠક/૮૨૭૧/૨૦૨૩ તા.૧૬/૧૦/૨૦૨૩માં જણાવ્યા મુજબ તા.૨૬/૦૯/૨૦૨૩ના રોજ નવસારી ખાતે મળેલ સંચાલક મંડળની ૫૦ મી બેઠકની કાર્યનોંધના મુદા નં. ૫૦.૨૯ માં નીચેની વિગતે સર્વાનુમતે ઠરાવ કરેલ છે.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કક્ષાની બાંધકામ સમિતીની ૫૮મી બેઠકના મુદા નં. ૫૮.૧૮ થી લેવાયેલ નિર્ણય અનુસાર વાપ્કોસ લીમીટિડને સોંપવામાં આવેલ તમામ કામગીરીઓ આગામી તા.૧૫/૧૦/૨૦૨૩ સુધીમાં ચાલુ કરવા માટે જણાવવુ, વાપ્કોસ લીમીટિડ દ્વારા સમય મર્યાદામાં કામગીરી હાથ ધરવામાં ન આવે તો નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવા માટે સંચાલક મંડળના સર્વ સભ્યો ભલામણ કરે છે. વાપ્કોસ લીમીટિડ સાથે થયેલ અનુભવને ધ્યાને લઇ હવે પછી એકપણ નવી કામગીરી વાપ્કોસ લીમીટિડને સોંપવી નહી. યુનિવર્સિટી/સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ/આવનાર નવા/રીપેરીંગ રીનોવેશનના બાંધકામો યુનિવર્સિટીના બાંધકામ વિભાગ દ્વારા વિભાગીય કક્ષાએ તાંત્રીક સલાહકારો (૧)પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (૨) આર્કીટેકની પેનલની રચના કરી વિભાગીય કક્ષાએ હાથ ધરવાની મંજુરી આપવામાં આવે છે.

6.11.23

જા.નં.ન.કૃ.યુ./કાઇ/સ.મં./વ.મં./૫૦.૨૮/૪૯૦૯-૧૪/૨૦૨૩
તા. ૬/૧૧/૨૦૨૩

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

૧. સંચાલક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારુ.
૨. યુનિવર્સિટીઓના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
૩. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ(બોર્ડ શાખા) (૦૫ નકલમાં) જાણ તથા ઘટતું થવા સારુ.
૪. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**નકલ રવાના :**

અત્રેની કચેરીમાં બી-૩, બી-૨ ટેબલ તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
જાહેરનામા ફાઇલ

EXECUTIVE ENGINEER
NAVSARI AGRICULTURAL UNIVERSITY